શૈક્ષણિક વર્ષ:૨૦૧૮-૧૯ થી બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ અને તથા બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણ અધિકારના નિયમ-૨૦૧૨માં નબળા અને વંચિત જૂથના બાળકોને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળામાં ધોરણ-૧માં ૨૫ ટકા મુજબ પ્રવેશ આપવા માટેની કાર્યપધ્ધતિ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:ખપશ/૧૧૨૦૧૮/સિ.ફા. ૧/ચ
સચિવાલય, ગાંધીનગર,
તારીખ: ૦૪/૦૪/૨૦૧૮

વંચાણે લીધા :-

(૧) ભારત સરકારનો બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ(આરટીઇ એક્ટ),૨૦૦૯
(૨) શિક્ષણ વિભાગના તા.૧૮/૦૨/૨૦૧૨ના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૪/પીઆરઇ/૧૨૨૦૧૦/જીઓઆઇ/ક
(૩) શિક્ષણ વિભાગના તા.૨૨/૦૫/૨૦૧૩ જાહેરનામા ક્રમાંક: જીએચએચ/એસએચ/૪/પીઆરઇ/૧૨૨૦૧૦/જીઓઆઇ-૧૦/ક
(૪) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ખપશ/૧૦૨૦૧૨/૭૨૭૬૪૬/ચ, તા.૨૩/૦૫/૨૦૧૩.
(૫) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ખપશ/૧૦૨૦૧૨/૭૨૭૬૪૬/ચ, તા.૦૭/૦૪/૨૦૧૫.
(૬) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ખપશ/૧૦૨૦૧૨/૭૨૭૬૪૬/ચ (સી.ફા.), તા.૦૪/૦૩/૨૦૧૭.
(૭) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ખપશ/૧૦૨૦૧૨/૭૨૭૬૪૬/ચ, તા.૧૧/૦૫/૨૦૧૭.

<u>પ્રસ્તાવના-</u>

બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ અને તથા બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણ અધિકારના નિયમ-૨૦૧૨માં નબળા અને વંચિત જૂથના બાળકોને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળામાં ૨૫ ટકા પ્રવેશ આપવા માટે શિક્ષણ વિભાગ દ્વારા તા.૨૩/૦૫/૨૦૧૩ના ઠરાવથી જોગવાઇ કરવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના તા.૨૩/૦૫/૨૦૧૩ના ઠરાવ મુજબ નબળા અને વંચિત જૂથના બાળકોને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧માં ૨૫ ટકા મુજબ વિના મૂલ્યે પ્રવેશ આપવાની કાર્યપધ્ધતિ શિક્ષણ વિભાગ દ્વારા નક્કી કરવામાં આવેલ છે. શૈક્ષણિક વર્ષ:૨૦૧૩-૧૪,૨૦૧૪-૧૫,૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ દરમિયાન જિલ્લા કક્ષાએથી પ્રવેશ આપવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. આર.ટી.ઇ. એક્ટ અંતર્ગત પ્રવેશમાં પડતી મુશ્કેલી અંગે વાલીઓ તરફથી અનેક રજુઆતો મળતા શૈક્ષણિક વર્ષ:૨૦૧૭-૧૮ થી પ્રવેશ પ્રક્રિયા પારદર્શક બને તે માટે વેબ પોર્ટલ બનાવી ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. પરંતુ સદર પ્રક્રિયામાં પણ કેટલીક અગવડો પડતાં વાલીઓ તથા સદર કામગીરી સાથે

સંકળાયેલા કર્મચારીઓ/અધિકારીઓ તરફથી સૂચનો મળેલ હતા. આથી સદર સૂચનોને ધ્યાને લઇ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ અને તથા બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણ અધિકારના નિયમ-૨૦૧૨માં નબળા અને વંચિત જૂથના બાળકોને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા પ્રવેશ આપવાની જોગવાઇઓના અસરકારક અને સરળ અમલીકરણ માટે રાજય સરકાર દ્વારા પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવે છે.

ઠરાવ:-

૧. આ યોજના ગુજરાત રાજયમાં આવેલ તમામ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓને લાગુ પડે છે (જે પ્રાથમિક શાળાઓ પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા અથવા સરકાર દ્વારા વખતોવખત ઠરાવવામાં આવે તેવા સક્ષમ અધિકારી દ્વારા મેળવેલ પ્રમાણપત્ર મુજબ લઘુમતીનો દરજ્જો ધરાવતી હોય તેવી શાળાઓને મુક્તિ આપવામાં આવે છે.)

૨. આ યોજના હેઠળ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧માં નિ:શૂલ્ક પ્રવેશ આપવા માટે વંચિત અને નબળા જૂથના બાળકોમાં નીચે મુજબના બાળકોનો સમાવેશ કરવામાં આવે છે.

(૧) અનાથ બાળક.

(૨) સંભાળ અને સંરક્ષણ ની જરૂરીયાતવાળુ બાળક.

(૩) બાલગૃહના બાળકો.

(૪) બાળ મજૂર/સ્થળાંતરીત મજૂરના બાળકો.

(૫) મંદબુધ્ધિ/સૈરેબ્રલ પાલ્સી ધરાવતા બાળકો, ખાસ જરૂરીયાતવાળા બાળકો/શારીરિક રીતે વિકલાંગ અને વિકલાંગ ધારા-૨૦૧૬ની કલમ ૩૪ (૧) માં દર્શાવ્યા મુજબનાં તમામ દિવ્યાંગ બાળકો.

(૬) HIV થી અસરગ્રસ્ત બાળકો.

(૭) ફરજ દરમિયાન શહીદ થયેલ લશ્કરી/અર્ધલશ્કરી/પોલીસદળના જવાનના બાળકો.

(૮) ૦ થી ૨૦ આંક ધરાવતાં તમામ કેટેગરી (SC,ST,SEBC, જનરલ તથા અન્ય ) ના BPL કુટુમ્બના બાળકો.

(૯) અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) કેટેગરીના બાળકો.

(૧૦) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ/અન્ય પછાત/ વિચરતી અને વિમુક્ત જાતિના બાળકો.

(૧૧) જનરલ કેટેગરી /બિન અનામત વર્ગના બાળકો.

૩. વિના મૂલ્યે ધોરણ-૧માં પ્રવેશ માટે પ્રવેશની સંખ્યા નક્કી કરવા બાબત:-

(૧) હયાત બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ગત શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૧માં જે કુલ વિદ્યાર્થી સંખ્યા હોય તેના ૨૫ ટકા મુજબ આરટીઇ માટેની જગ્યાઓ (બેઠકો) નિશ્વિત કરવાની રહેશે. એટલે કે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯માં જે તે શાળાની ધોરણ-૧ની આરટીઇ હેઠળની જગ્યાઓ નિશ્વિત કરતી વખતે શૈક્ષણિક વર્ષ:૨૦૧૭-૧૮માં જે તે શાળાએ ધોરણ-૧ના કુલ વર્ગોમાં પ્રવેશ આપેલ કુલ વિદ્યાર્થી સંખ્યાના ૨૫ ટકા મુજબ આરટીઇ પ્રવેશ સંખ્યા નિયત કરવાની રહેશે. દા.ત. "X" શાળામાં શૈક્ષણિક વર્ષ:૨૦૧૭-

૧૮માં ધોરણ -૧માં પ્રવેશ આપેલ ધોરણ-૧ના તમામ વર્ગોની કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૪૫ છે તો તેના ૨૫ ટકા મુજબ ૧૧ બેઠકો તે શાળામાં શૈક્ષણિક વર્ષ:૨૦૧૮-૧૯માં આરટીઇ હેઠળ નિયત કરવાની રહેશે.

(૨) જે શાળાઓ આરટીઇ પ્રવેશના જે તે શૈક્ષણિક વર્ષે નવી બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા તરીકે/ધોરણ-૧ના વર્ગ વધારાની માન્યતા મેળવે છે તે શાળાઓમાં ધોરણ-૧ના તમામ વર્ગોમાં વર્ગદીઠ મહત્તમ ૪૦ વિદ્યાર્થી સંખ્યાનો અંદાજ કરી વર્ગદીઠ ૧૦ જગ્યા આરટીઇ હેઠળ નિયત કરવાની રહેશે.

૪. આ યોજના હેઠળ નબળા અને વંચિત જૂથના બાળકોને ધોરણ-૧માં વિના મૂલ્યે પ્રવેશ માટે પ્રવેશનો અગ્રતાક્રમ નીચે મુજબ રહેશે:-

(૧) અનાથ બાળક.

(૨) સંભાળ અને સંરક્ષણ ની જરૂરીતયાવાળુ બાળક.

(૩) બાલગૃહના બાળકો.

(૪) બાળ મજૂર/સ્થળાંતરીત મજૂરના બાળકો.

(૫) મંદબુધ્ધિ/સેરેબ્રલ પાલ્સી ધરાવતા બાળકો, ખાસ જરૂરીયાતવાળા બાળકો/શારીરિક રીતે વિકલાંગ અને વિકલાંગ ધારા-૨૦૧૬ની કલમ ૩૪ (૧) માં દર્શાવ્યા મુજબના તમામ દિવ્યાંગ બાળકો.

(૬) HIV થી અસરગ્રસ્ત બાળકો.

(૭) ફરજ દરમિયાન શહીદ થયેલ લશ્કરી/અર્ધલશ્કરી/પોલીસદળના જવાનના બાળકો.

(૮) ૦ થી ૨૦ આંક ધરાવતાં તમામ કેટેગરી (SC,ST,SEBC, જનરલ તથા અન્ય ) ના BPL કુટુમ્બના બાળકો.

(૯) અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) કેટેગરીના બાળકો.

(૧૦) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ/અન્ય પછાત/ વિચરતી અને વિમુક્ત જાતિના બાળકો.

સદર કેટેગરીમાં વિચરતી અને વિમુક્ત જાતિના બાળકોને પ્રવેશમાં પ્રથમ અગ્રતા આપવાની રહેશે..

(૧૧) જનરલ કેટેગરી /બિન અનામત વર્ગના બાળકો.

ઉપરોક્ત મુદ્દા ક્રમાંક:- ૪ના પેટા ક્રમાંક (૯), (૧૦) અને (૧૧) કેટેગરીમાં આવતા બાળકો માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક:- સશપ/૧૦૨૦૧૧/૪૩૭/અ-૧, તા. ૨૪/૧૦/૨૦૧૭ મુજબ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક:- છતલ/૧૫૨૦૧૧/૯૮/ગ, તા. ૨૪/૧૦/૨૦૧૭ મુજબ આવક મર્યાદા લાગુ પડશે. ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ. ૧,૫૦,૦૦૦/- ની આવક મર્યાદા લાગુ પડશે. વધુમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા વખતો વખત જે આવક મર્યાદા નક્કી કરવામાં આવશે તે જે તે શૈક્ષણિક વર્ષના પ્રવેશ માટે લાગુ પાડવાની રહેશે. સૌથી ઓછી આવક ધરાવતા કુટુમ્બના બાળકોને પ્રવેશમાં અગ્રતા આપવામાં આવશે.

૫. પ્રવેશ માટે જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ કામગીરી બજાવવાની રહેશે. શહેર વિસ્તારમાં જયાં શાસનાધિકારી હોય ત્યાં શાસનાધિકારીએ જિલ્લા શિક્ષણાધિકારી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના માર્ગદર્શન હેઠળ કામગીરી કરવાની રહેશે.

૬. પ્રવેશ અંગેની સૂચનાઓ:-

(૧) પ્રવેશ માટે વાલીએ વેબપોર્ટલ www.rtegujarat.org પર ઓનલાઇન અરજી કરી,જરૂરી વિગતો તેમાં ભરી પ્રિન્ટ મેળવી જરૂરી આધારો સાથે કામકાજના દિવસો દરમ્યાન નિયત સમયે નીચેની જગ્યાએ રજુ કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ જાહેર કરેલ રીસીવીંગ સેન્ટર અથવા તેવા પ્રકારના નક્કી કરેલ અન્ય કેન્દ્રો પર

(૨) જો બાળકની અરજી પુરતા આધાર સાથે નહી હોય તો રદ કરવામાં આવશે.

(૩) પ્રવેશ અંગેની માર્ગદર્શિકા પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી દ્વારા બહાર પાડવામાં આવશે અને માર્ગદર્શિકા અનુસાર પ્રવેશની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૪) પ્રવેશ માટે પડોશની શાળાનો વિસ્તાર: –

(૧) પડોશની શાળાનો વિસ્તાર:– બાળકોના સંબંધમાં, નજીકના વિસ્તારમાં ચાલીને જઇ શકાય તેવુ ૧ કિ.મી. નું અંતર

(૨) ૧ કિ.મી.માં પર્યાપ્ત શાળા ઉપલબ્ધ ન થાય તો , ૩ કિ.મી. સુધીનું અંતર

(૩) ૩ કિ.મી. માં પર્યાપ્ત શાળા ઉપલબ્ધ ન થાય તો , ૬ કિ.મી. સુધીનું અંતર.

પ્રવેશ માટે વોર્ડ આધારીત વિસ્તાર મુજબની શાળાઓની પસંદગી આપવાની રહેશે. જે વાલીને રહેઠાણ મુજબ બે વોર્ડની સરહદ લાગુ પડતી હોય તે વાલી બન્ને વોર્ડમાં આવેલ શાળાઓ અંતરની મર્યાદા ધ્યાને રાખી પસંદ કરી શકશે. તેમ છતાં પ્રવેશ માટે અરજી કરનાર વિદ્યાર્થીના વાલીએ પોતાના રહેઠાણથી સૌથી નજીકના અંતરે આવેલી શાળા મુજબ ક્રમશઃ– ૬ કિ.મી.સુધીની શાળાઓની પસંદગી કરી શકશે. પ્રવેશ માટે કેટેગરીની અગ્રતા, આવકની અગ્રતા તથા વાલીએ પસંદ કરેલ શાળાની અગ્રતા ક્રમાનુસાર ધ્યાને લઇ પ્રવેશ આપવામાં આવશે. આથી શાળા પસંદગી વખતે વિદ્યાર્થીની ઉંમર ધ્યાને લઇ વિદ્યાર્થીને પ્રવેશ મેળવ્યા બાદ શાળાએ આવવા- જવામાં સરળતા રહે તેવી શાળાઓ જ વાલીએ પસંદ કરવી હિતાવહ છે.

(૫) પ્રવેશ માટેની ઉંમર નક્કી કરવા બાબત:-

RTE અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ માટે અરજી કરનાર વિદ્યાર્થીએ ૧ જુનના રોજ ૫ વર્ષ પૂર્ણ કરેલા હોવા જોઇએ અને ૭ વર્ષથી ઓછી ઉંમર હોવી જોઇએ.

(૬) જે વિદ્યાર્થી ધોરણ-૧ અથવા ધોરણ-૨માં અભ્યાસ કરતો હોય તે વિદ્યાર્થી પુનઃધોરણ -૧માં RTE અંતર્ગત પ્રવેશ મેળવી શકશે નહી.

(૭) વિના મૂલ્યે બેઠક પર પ્રવેશ માટે જરૂરી દસ્તાવેજો:-

(ક) સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ ઇ-ધરા કેન્દ્રનો આવકનો દાખલો.

મકાનભાડુ,વીજબીલ,મકાન વેરો વિગેરે દ્વારા આ આવકના દાખલાની ખરાઇ કરાવી લેવાની રહેશે.

પાનકાર્ડ, આઇટી રિર્ટન જો ભરતા હોય તો મેળવવાના રહેશે.

(ખ) અગ્રતા ક્રમ (૧) થી (૬) સુધીના બાળકો માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ કેટેગરી દર્શાવતો દાખલો પુરાવા તરીકે માન્ય ગણાશે. અગ્રતાક્રમ (૭) માટે સંબંધિત ખાતાના સક્ષમ અધિકારીનો દાખલો માન્ય ગણાશે. સંબંધિત ખાતાના વડાએ સક્ષમ અધિકારી નક્કી કરવાના રહેશે.

(ગ) ક્રમાંક (૮) મુજબની ૦ થી ૨૦ આંક સુધીની BPL કેટેગરીમાં આવતા વાલીએ ગ્રામ્ય વિસ્તાર માટે તાલુકા વિકાસ અધિકારી અથવા નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનો દાખલો રજુ કરવાનો રહેશે જયારે શહેરી વિસ્તાર માટે મહાનગરપાલિકાના કિસ્સામાં નાયબ મ્યુનિસિપલ કમિશ્નર અથવા મહાનગરપાલિકાએ અધિકૃત કરેલ સક્ષમ અધિકારીનો દાખલો, નગરપાલિકા વિસ્તારમાં નગર પાલિકાના ચીફ ઓફિસરનો દાખલો અને નોટીફાઇડ વિસ્તારમાં મુખ્ય કારોબારી અધિકારી અથવા વહીવટી અધિકારીનો દાખલો રજુ કરવાનો રહેશે. BPL કેટેગરી માટે BPL રેશનકાર્ડ આધાર તરીકે માન્ય ગણાશે નહી.

(ઘ) ક્રમાંક (૯) અને (૧૦) કેટેગરીના બાળકના માટે સક્ષમ અધિકારીએ આપેલ જાતિનું પ્રમાણપત્ર માન્ય ગણાશે.

(ચ) બાળકના રહેઠાણના પુરાવા તરીકે નીચે દર્શાવેલ દસ્તાવેજ પૈકીના કોઇ એક આધાર માન્ય ગણાશે.

(૧) મા-બાપના નામે અપાયેલું રેશનકાર્ડ કે જેમાં તે બાળકનું નામ હોય.

(૨) મા-બાપ પૈકી એકનું મતદાર ઓળખપત્ર.

(૩) વીજળી બીલ/પાણી બીલ/મા-બાપ કે બાળક પૈકી એકનો પાસપોર્ટ.

(૪) આધાર કાર્ડ.

(૮) ધોરણ-૧માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી ધોરણ-૮ સુધીનો અભ્યાસ પૂર્ણ કરે ત્યાં સુધી તેમને વિનામૂલ્યે શિક્ષણ પુરૂ પાડવાનું રહેશે.

(૯) આવી રીતે પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ સાથે કોઇ ભેદભાવ કરી શકાશે નહિ.

૭. <u>પ્રવેશ પ્રક્રિયા દરમિયાન ધોરણ-૧માં શાળા ફેરબદલી કરવાની જોગવાઇ:-</u>

શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાક:- ખપશ/૧૧૨૦૧૭/સિ.ફા.૪/ચ, તા.૧૭/૧૦/૨૦૧૭ની જોગવાઇ ઉપરાંત ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા દરમિયાન કોઇ કારણોસર (૧) માંગણી ન કરી હોય તેવા માધ્યમમાં પ્રવેશ ફાળવેલ હોય (૨) કુમારને કન્યા શાળામાં અથવા કન્યાને કુમાર શાળામાં પ્રવેશ ફાળવેલ હોય (૩) લઘુમતી દરજ્જો ધરાવતી શાળામાં પ્રવેશ ફાળવેલ હોય (૪) નિયત કરતાં દુરના અંતરે પ્રવેશ ફાળવેલ હોય (૫) ભળતા નામવાળી શાળામાં પ્રવેશ ફાળવેલ હોય (૬) નિયમ વિરૂધ્ધ પ્રવેશ ફાળવેલ હોય વગેરે બાબતો ધ્યાને લઇ જિલ્લા કક્ષાએથી અગ્રતાક્રમ મુજબ મળવાપાત્ર શાળામાં પ્રવેશની ફેરબદલી કરી આપવાની રહેશે અને વેબપોર્ટલ પર જરૂરી સુધારો કરવા માટે નિયમાનુસારની કાર્યવાહી કરવાની રહેશે. જે શાળામાં ફેરબદલીથી પ્રવેશ ફાળવવામાં આવે તે શાળામાં સામાન્ય રીતે ૨૫ ટકા કરતાં વધુ પ્રવેશની ફાળવણી ન થાય તે જોવાનું રહેશે.

૮. આર.ટી.ઇ.એક્ટ-૨૦૦૯ની કલમ-૧૨(૧)(ક) પ્રમાણે મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ હેઠળ જે શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હોય તે શાળા આર.ટી.ઇ.એક્ટની કલમ ૧૨(૨) મુજબ રાજય સરકાર દ્વારા સરકારી શાળામાં બાળક દીઠ કરાયેલ ખર્ચ અથવા સંબંધિત શાળા દ્વારા ઉઘરાવવામાં આવતી બાળકદીઠ ફી ની રકમ એ બે માંથી જે ઓછું હશે તે ખર્ચ સરકાર પાસેથી રીએમ્બર્સ (પરત ચુકવણી) મેળવી શકશે. આ ખર્ચ મધ્યાહન ભોજન યોજનાના ખર્ચ સિવાય વિદ્યાર્થીદીઠ સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવશે. આ માટે અગ્ર સચિવશ્રી (પ્રા. અને મા.શિ.) ના અધ્યક્ષ સ્થાને, નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ, નિયામકશ્રી (પ્રા.શિ.) ના હિસાબી અધિકારીશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરીના હિસાબી અધિકારીશ્રી, કમિશનરશ્રી મધ્યાહન ભોજન યોજના કચેરીના હિસાબી અધિકારીશ્રી અને શિક્ષણ વિભાગના નાણાં સલાહકારશ્રી(શિક્ષણ), નાયબ સચિવશ્રી (પ્રા.શિ.) સભ્ય સચિવશ્રીની પેટા સમિતિ દ્વારા દર ત્રણ વર્ષે નક્કી

કરી સમિતિ દ્વારા ભલામણ કરવામાં આવશે. જે ધ્યાને લઇ નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવી શિક્ષણ વિભાગ દ્વારા આખરી મંજુરી આપવામાં આવશે.

૯. શાળાએ રાષ્ટ્રીયકૃત બેન્કમાં ફી રીએમ્બર્સમેન્ટ માટે ખાતું ખોલાવવાનું રહેશે.

૧૦. વિના મુલ્યે પ્રવેશની કામગીરીનું સામાજિક અન્વેષણ (Social Audit) જે તે જિલ્લાના કલેક્ટર/પ્રાંત અધિકારીએ કરવાનું રહેશે.

૧૧. આ ઠરાવ ઇસ્યુ થયા તારીખથી અમલી બનશે ત્યારથી શિક્ષણ વિભાગના તા.૨૩/૦૫/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક:- ખપશ/૧૦૨૦૧૨/૭૨૭૬૪૬/ચ રદ ગણવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા. ૨૧/૦૩/૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.પી.ચૌહાણ)
સંયુક્ત સચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ,રાજય કક્ષાના મંત્રીશ્રી, માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, ઉચ્ચ શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો.
- કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- નિયામક સાક્ષરતા અને નિરંતર શિક્ષણ, બ્લોક નં.૧૨/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- નિયામક ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,સેક્ટર-૧૧, ગાંધીનગર.
- ગુજરાત રાજય પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારી
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
- સર્વે શાસનાધિકારી,મહાનગરપાલિકા, નગરપાલિકા, નગરપંચાયત

(ઉપરની ત્રણેય કચેરીઓ માટે:) નિયામક પ્રા.શિ. મારફત

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ.
- નિયામકશ્રી,હિસાબ અને તિજોરી, બ્લોક નં. ૧૭,ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર/ સિલેક્ટ ફાઇલ